R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 47 DATE: 23-11-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## રફાલ વિમાન સોદાના મામલે અગાઉના નિર્ણય પર ફેરવિચારણાની જરુર નથી કારણકે અરજીઓમાં દમ નથીઃ સુપ્રીમે મોદી સરકારને રફાલ સોદામાં ક્લીન ચીટ આપી



સુપ્રીમ કોર્ટે ફ્રાંસની કંપની દ'સોલ્ટ એવીએશન પાસેથી ૩૬ રફાલ ફાઈટર જેટસની ખરીદી અંગે નરેન્દ્ર મોદી સરકારને ક્લીન ચીટ આપી દીધી છે. તેણે આ ડીલમાં કથિત રીતે કમિશન લેવાયું હોવાથી સીબીઆઈ દ્વારા એફઆઈઆર નોધવાની માંગણી કરતી અરજી નકારી કાઢી હતી. રફાલ મામલે મોદી સરકારને બીજીવાર ક્લીનચીટ મળી છે. સુપ્રીમ કોર્ટે ૧૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ આપેલા ચુકાદાની સમીક્ષાની માંગણી કરતી અરજીઓ નકારી દીધી હતી. જેમાં કહેવાયું છે કે રફાલના ૩૬ ફાઈટર જેટ્સની પ્રાપ્તિમાં નિર્ણય લેવાની પ્રક્રિયા પર શંકાને કોઈ સ્થાન નથી.

પુર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહા અને અરુણ શૌરી તેમજ કાર્યકર્તા વકીલ પ્રશાંત ભુષણ સહિત અન્ય કેટલાક લોકોએ આ અરજીઓ દાખલ કરી હતી.ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ,જસ્ટીસ સંજય કિશન કૌલ અને જસ્ટીસ કે.એમ. જોસેફની બેન્ચે રાજકીય રીતે સંવેદનાશીલ આ કેસ પર ૧૦મેના રોજ સુનાવણી પુરી કરી હતી.સુપ્રીમ આ દલીલોથી સંતુષ્ટ નહતી કે તેણે રુ.૫૮,૦૦૦ કરોડના કોન્ટ્રાકટ અંગે વિવાદના મુદ્દાઓની તપાસ વગર જ સમય અગાઉ નિર્ણય લીધો હતો.ફેરવિચારણા અરજી નકારવાનો મતલબ રફાલ ડિલ અંગે સુપ્રીમ દ્વારા મોદી સરકારને બીજી વખત ક્લીન ચીટ આપવાનો થાય છે.

બેન્ચે કહ્યુ હતું કે ફેરવિચારણાની અરજીઓ પર તે વખત સુધી વિચાર ન કરી શકાય જ્યાં સુધી ઉપલબ્ધ રેકર્ડમાં ભુલ ન હોય.

રફાલ ફાઈટર જેટ ડીલમાં કથિત ગેરરીતીઓની તપાસ માટે કરવામાં આવેલી અરજીઓ ફગાવી દેતા સુપ્રીમ કોર્ટનો ચુકાદો સીબીઆઈને આ કેસમાં કાર્યવાહી કરતાં રોકી શકશે નહીં. સીબીઆઈ એફઆઈઆર પણ નોંધી શકે છે.તેમ જસ્ટીસ કે.એમ.જોસેફે તેમના ચુકાદામાં લખ્યું છે.

' તેમાં કોઈ શંકા નથી કે પુર્વ મંત્રીઓ યશવંત સિંહા,અરુણ શૌરી અને વકીલ પ્રશાંત ભુષણ દ્વારા કરવામાં ાવેલી ફરિયાદ કોર્ટ દ્વારા વિચારણામાં લઈ શકાય તેવી છે. ' તેમ જસ્ટીસ જોસેફે કહ્યુ હતું. પોતાના અલગ ચુકાદામાં તેમણે આ મુજબ લખ્યુ હતું કે ' મારો મત એવો છે કે ચુકાદાની સમીક્ષા ભલે થતી પરંતુ સીબીઆઈની કાર્યવાહીમાં આ બાબત અવરોધરુપ ન હોઈ શકે.ફરિયાદ કાયદા પ્રમાણે થઈ છે અને પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટની સેકશન ૧૭-એ અન્વયે તેને અગાઉ મંજુરી પણ મળેલી છે. ' અરજદારોની ફરિયાદ નોંધવી જરુરી છે કેમકે આ એક એવો કેસ છે જે કોર્ટ વિચારણા હેઠળ લઈ શકે છે. અને સેકસન ૧૭એ સંદર્ભે તેની પાછળની કવાયત પણ વ્યર્થ નથી.એમ જણાવીને જસ્ટીસ જોસેફે લલિતા કુમારીનો કેસ ટાંકીને કહ્યુ કે એપેક્સ કોર્ટની બંધારણીય બેન્ચે ભ્રષ્ટાચારના આવા કોગ્નીઝેબલ ગુનામાં ફરજીયાત એફઆઈઆર નોધવા માટે કહ્યુ હુતં. એપેક્સ કોર્ટને તે ચુકાદામાં કહ્યુ હતું કે જો અરજદારે આપેલી માહિતી ધ્યાને લેવા લાયક ન હોય તો પણ તેમાં તપાસનો જરુરી સંકેત તો કરે છે. તેથી તેમાં પ્રથમદર્શી તપાસ થવી તો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

## રફાલ મામલે કોર્ટે તપાસનો મોટો દરવાજો ખોલી દીધો છે. રાહુલ ગાંધી



રફાલ ડીમાં તપાસની માંગણી કરતી રિવ્યુ પીટીશનોને નકારી દીધાના કલાકો બાદ કોગ્રેસના પુર્વ વડા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે સુપ્રીમના જસ્ટીસ કે.એમ. જોસેફે રફાલ કૌભાંડમાં તપાસનો એક મોટો દરવાજો ખોલી દીધો છે.રાહુલ ગાંધીએ આ મામલે તત્કાલ એક સંસદની સંયુકત કમિટી( જેપીસી) દ્વારા તપાસની માંગણી કરી છે.કોગ્રેસના પ્રવકતા સુરજેવાલાએ એક પત્રકાર પરિષદમાં રફાલ ડીલ અંગે તેમની પાર્ટીના નવ સવાલોનો ઉલ્લેખ કર્યો હતો અને ભાજપે આ અંગે ઉજવણી ન કરવી જોઈએ તેમ પણ કહ્યુ હતું.ભાજપ પર સીધા પ્રહારો કરતાં સુરજેવાલાએ કહ્યુ હતું કે સુપ્રીમનો ચુકાદો તેની તરફેણમાં છે તેવો દાવો કરીને ભાજપ દેશના લોકોને મુર્ખ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. સુપ્રીમે એટલું જ કહ્યુ છે કે આ મામલો તેના અધિકારક્ષેત્ર અને સત્તા હેઠળ નથી.પરંતુ એક સ્વતંત્ર સંસ્થા દ્વારા રફાલ ડીલની તપાસ કરી શકાય છે.સુરજેવાલાએ કહ્યુ કે કોર્ટે સ્પષ્ટતા કરી છે તેના હાથ બંધારણીય મર્યાદાથી બંધાયેલા છે. પરંતુ સ્વતંત્ર સંસ્થાના નહીં. પોલીસ અને સીબીઆઈ જેવી કોઈપણ સંસ્થા સ્વતંત્ર તપાસ કરી શકે છે.

## રાજ્યની ૧૬ આરટીઓ ચેકપોસ્ટ બંધ : મુખ્યમંત્રી રુપાણીની જાહેરાત



રાજ્ય સરકારે વાહન વ્યવહાર ખાતા હસ્તકની ૧૬ ચેકપોસ્ટને કાયમી ધોરણે નાબુદ કરી દીધી છે. જેનો અમલ તા. ૨૦નવેમ્બરથી શરુ થઈ ગયો છે.વાહન ચાલકો અને ટ્રાન્સપોર્ટરો તેમનો ટેકસ અને ફીનું ચુકવણું ઓનલાઈન કરી શકશે. એટલે કે હવેથી ઓવર ડાયમેન્સન કાર્ગો મોડ્યુલ પર વાહન માલિક કે ટ્રાન્સપોર્ટરે વાહન, માલ સબંધિત સ્વૈચ્છીક જાહેરાત દ્વારા વાહન અને માલની લંબાઈ, પહોળાઈ ઉંચાઈ જાહેર કરી શકશે. અને ભરવાપાત્ર રકમ ઓનલાઈન ભરીશકશે. આ ચેકપોસ્ટો પરથી સરકારને કુલ ૩૩૨ કરોડની જે આવક થાય છે તે હવેથી ઓનલાઈન સ્વીકારાશે.આમ છતાં કોઈ વાહન માલિક ખોટી માહિતી ઓનલાઈન જાહેર કરશે અને પકડાશે તો ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા બમણાં દંડની વસુલાત કરવામાં આવશે.ચેકપોસ્ટની નાબુદી બાદ તેના સ્ટાફને અન્યત્ર મુકાશે.હાલમાં આરટીઓ કે તેની એજન્સીઓ દ્વારા દંડ સહિતની બાબતોની વસુલાત જે રીતે મેન્યુઅલી રોકડમાં થાય છે તેના બદલે ઈ-ચલણ પધ્ધતિ દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે.

## બાબરી મસ્જીદના બદલામાં અન્ય જમીન અસ્વીકાર્ય : મુસ્લીમ બોર્ડે રિવ્યુ પીટીશન દાખલ કરવાનો નિર્ણય લીધો

રામજન્મભુમિ-બાબરી મસ્જીદ ટાઈટલ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા વિરુધ્ધ રીવ્યુ પીટીશન દાખલ કરવાનો ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડએ નિર્ણય કર્યો છે.પત્રકારોને માહિતી આપતાં જિલાનીએ કહ્યુ હતું કે અયોધ્યા મામલામાં ૯ નવેમ્બરે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા પર રિવ્યુ પીટીશન ૩૦ દિવસમાં દાખલ કરી શકાશે.મુસ્લીમો મસ્જીદની જમીનના બદલામાં અન્ય જમીન સ્વીકારી શકે નહીં.બોર્ડનું માનવુ છે કે મસ્જીદ અલ્લાહની છે. શરિયતના કાયદા અનુસાર તે અન્ય કોઈને દાનમાં આપી શકાય નહીં.આ પ્રકારની સ્થિતિમાં ઈસ્લામિક કાયદા પ્રમાણે એજ મસ્જીદ અન્ય સ્થળે બાંધી શકાય પણ નહીં.આ જમીન માટે અંતિમ શ્વાસ સુધી કાનુની લડાઈ અમે લડીશું.અમે બીજી મસ્જીદ માટે કોર્ટમાં ગયા નહોતા.ન્યાયના હિતમાં મુસ્લીમોને બાબરી મસ્જીદની જમીન આપી દેવી જોઈએ. જિલાનીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ઘણી ખામીઓ હોવાથી રિવ્યુ પીટીશન દાખલ કરવી જરુરી બની ગઈ છે.

મુસ્લીમ સંગઠન જમિયત ઉલેમા ઈ હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ જણાવ્યુ હતું કે જમિયત સુપ્રીમના અયોધ્યા કેસના ચુકાદાને પડકારતી રિવ્યુ પીટીશન દાખલ કરશે. જમિયતની ટોચની નિર્ણાયક સમિતિમાં ચર્ચા વિચારણા બાદ અમે આ નિર્ણય લીધો છે.અને જમિયતની કારોબારીએ અમને મંજુરી આપી દીધી છે.જો કે અયોધ્યાનો ચુકાદો અમારી વિરુધ્ધ છે અને અમારી પીટીશન રદ થવાની શક્યતા છે પરંતુ રિવ્યુ પીટીશન દાખલ કરવી જોઈએ.૦

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

શરુઆતમાં રામમંદિર-બાબરી મસ્જીદના સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાને લોકો દ્વારા સ્વીકારાયો છે તેવી પબ્લીસીટીથી ખ્યાલ આવ્યો નહી કે રખ્યા નીચે હજુ પણ અંગારા ધીકી રહ્યા છે. કેટલાક લોકોને ચુકાદો આવકારાયો છે તેવો આભાર ઉભો કરવા માટે સોશ્યલ મીડીયા પર મારો ચલાવાયો પરંતુ આખરે ચુકાદાની વિરુધ્ધમાં અવાજ ઉઠવા લાગ્યો.ચુકાદામાં સ્વીકારાયું છે કે બાબરી ધ્વંસ ખોટી રીતે કરવામાં આવ્યો છે.મંદિર હોવાના કોઇ પ્રમાણ મળ્યા નથી. પરંતુ કોર્ટે રામલલ્લાને આસ્થા સ્વરુપે સ્વીકારીને ત્યાં સ્થાપિત કરવાનો આદેશ આપી દીધો.પરંતુ ચુકાદાને લઇને હજુ ઘણી બધી બાબતોનો સામનો કરવાનો છે. જે માટે સરકારે તૈયાર રહેવાનું છે. બાબરી મસ્જીદના માટે પાંચ એકર જમીનની સુપ્રીમે ચુકાદામાં જે ખેરાત કરી છે તેનો સ્વીકાર થાય છે કે કેમ એ પણ એક પ્રશ્ન યથાવત રહે છે.મંદિર બનાવવા માટે ટ્રસ્ટ બનાવવામાં સરકાર કેટલા અંશે સફળ થાય છે તે જોવાનું રહેશે. અને ટ્રસ્ટ બનશે તો ટ્રસ્ટી બનવા માટેના અનેક દાવેદારોની સામે સરકારે બાથ ભીડવાની છે. આ બધું સમુ સુતરુ પાર ઉતરે ત્યારે મંદિર બનવાની વાત આવશે.અને હજુ વર્ષો લગી મંદિર બનવા માટે રાહ જોવી પડશે.

અયોધ્યા કેસના મુખ્ય ફરિયાદી ઇકબાલ અન્સારી અને સંખ્યાબંધ મુસ્લીમ નેતાઓએ એવી માંગણી કરી છે કે સુપ્રીમના ચુકાદા હેઠળ મસ્જીદના બાધકામ માટે ફાળવેલી ૫ એકર જમીન અયોધ્યામાં મેળવવામાં આવેલી ૬૭ એકરની જમીનમાં આપવા માંગતા હો તો અમારી અનુકુળતા અનુસારની જમીન મળવી જોઇએ અને તે ૬૭ એકરની અંદર જ હોવી જોઇએ.બીજે ઠેકાણે આપવામાં આવશે તે તેમને મંજુર નથી. જો કે એક વાત સ્પષ્ટ થઇ ગઇ કે આટલા વર્ષો બાદ જે ચુકાદો આવ્યો અને દેશમાં શાંતિ જળવાઇ રહી તે ખુબજ આવકારદાયક છે. જો કે સરકારે પણ તેમનાથી બનતા બધાજ પ્રયત્નો શાંતિ જળવાય તે માટે કર્યા તે માટે તેમના પ્રયત્નો સરાહનીય છે.

## જાણવા જેવું

જાપાનમાં પહેલી ઓક્ટોમ્બર ઓફીસીયલ કોફીડે તરીકે મનાવાય છે.
સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.
ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૨)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૧૪ | બી.કોમ.ડીપ્લોમાં બીઝનેસ મેનેજમેન્ટ (કેનેડા) | ૧૦-૧-૯૧ | - | અલાયન્સ | કુંવારા |
| ૧૧૫ | કોમ્પ્યુ. ડિપ્લોમાં,આઇ.ટી.(ઓસ્ટ્રેલીયા) | ૧૩-૧૦-૯૧ | - | આર.સી. | કુંવારા |
| ૧૧૬ | એમ.ઇ.મીકે.એન્જી.(ઓસ્ટ્રેલીયા) | ૨-૧૨-૯૩ | ૨ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૧૭ | બી.ઇ. કોમ્પ્યુ.એન્જી.(અમેરિકા) | ૧૩-૯-૮૬ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૦૩ | માસ્ટર્સ ઇન ઇ.સી.(અમેરીકા) | ૨૩-૧૧-૮૭ | ૫૦૦૦ ડોલર | મેથો. | કુંવારા |
| ૧૦૫ | બી.ઇ.આઇ.ટી.(અમેરીકા) | ૧૬-૪-૯૫ | ૧૬૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૫૩૬ | એમ.બી.એ.(માર્કેટીંગ) | ૩-૧૨-૮૭ | ૩૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૫૩૭ | બીઇ.આઇટી. એન્જી. | ૨૩-૧૨-૮૮ | ૧ લાખ | સા.આર્મી. | કુંવારા |
| ૫૩૮ | એમ.એસ.સી.બી.એડ. | ૧૮-૯-૮૩ | ૪૭૬૭૫ | આર.સી. | કુંવારા |
| ૫૩૯ | બી.ઇ.આઇ.ટી.એમ.બી.એ. | ૧૪-૬-૮૮ | ૧,૩૦,૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૪૦ | બી.ઇ. મીકેનીકલ. | ૧૫-૧૨-૯૦ | ૫૦,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૧ | બી.એ.એમ.બી.એ. | ૫-૯-૮૮ | ૧૨,૫૦૦ | મેથો. | કુંવારા |
| ૫૪૨ | ડીપ્લો.ઇન.એસઆઇ.ડીપ્લો.ફુડ એન્ડ ટેકનો. | ૨૧-૯-૮૯ | ૨૪,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૩ | એમ.સી.એ. | ૩૧-૮-૯૪ | ૨૪,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૪ | બી.એ. ડીપ્લો.ઇન.મિકેનીકલ એન્જી. | ૨૦-૧૦-૯૨ | ૧૨,૯૮૯ | આર.સી. | કુંવારા |
| ૫૪૬ | બી.કોમ.માસ્ટર એચ.આર.ગોવાનીસ | ૪-૧૧-૮૮ | ૪૫,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૭ | બી.ઇ. ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્પ્યુ. | ૨૩-૪-૮૯ | ૫૮,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૮ | માસ્ટર ઓફ હ્યુમન રીસો.મેનેજમેન્ટ | ૫-૧૧-૮૯ | ૨૫,૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૯ | માસ્ટર ઓફ કોમ્પ્યુ.એપ્લીકેશન | ૩૦-૯-૮૨ | ૫૦,૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૫૦ | ૧૨ સાયંન્સ.ડિપ્લો.ઇલેક્ટ્રીકલ | ૧૨-૪-૮૬ | ૨૩,૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૮૪૫ | ૧૦ નાપાસ | ૧૫-૫-૯૦ | ૨૫,૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૮૪૯ | ૧૨પાસ,કોમ્પ્યુ.ડિપ્લોમા | ૩--૩-૮૬ | ૧૬,૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૫૦ | એડવાન્સ ડીપ્લો.કોમ્પ્યુ.હાર્ડ.એન્ડ નેટ. | ૧૭-૨-૭૮ | ૨૦,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૫૧ | બીએસસી.બીએડ | ૭-૧૦-૭૯ | ૩૦,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૫૨ | બી.કોમ.પીજી ડીપ્લો. | ૧૪-૭-૮૯ | ૩૨,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૫૩ | બીઇ. ઇલેક્ટ્રો.એન્ડ કોમ્પ્યુ.એમબીએ,માકેટીંગ | ૧૯-૭-૮૧ | ૫૦,૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૫૫ | બી.કોમ. | ૧૫-૯-૮૬ | ૪૫,૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

**E.mail :salem-bhailalbhai@yahoo.com**

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)visit by appointment only

## આખા દેશમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ ની પ્રક્રિયા લાગુ કરાશે : અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજયસભાના સવાલોના જવાબો આપતાં કહ્યુ હતું કે આસામની જેમ એનઆરસી પ્રક્રિયા સમગ્ર દેશમાં લાગુ કરાશે. એનઆરસીની પ્રક્રિયામાં ધર્મના આધારે કોઇ કાર્યવાહી થવાની નથી.તેથી કોઇપણ ધર્મના વ્યક્તિએ તેનાથી ડરવાની જરુર નથી. આ પ્રક્રિયા દેશના દરેક નાગરિકને એનઆરસીમાં આવરી લેવા માટે જ હાથ ધરાશે.

તેમણે કહ્યુ હતું કે જેમના નામનો એનઆરસીના ફાઇનલ લિસ્ટમાં સમાવેશ થયો નથી તે ટ્રિબ્યુનલમાં અપીલ કરી શકે છે. આસામમાં ટ્રિબ્યુનલની રચના કરાશે. જેઓ વકીલનો ખર્ચ ઉઠાવી શકતા નથી તેમનો ખર્ચ સરકાર વહન કરશે.દેશમાં સિટીઝનશીપ એમેન્ડમેન્ટ બિલની જરુર છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# મહારાષ્ટ્રમાં સરકાર રચવામાં હજું મડાગાંઠ ચાલુ : શિવસેનાને ટેકો આપવામાં શરદ પવારનું મૌન,ખાતરી આપવા ઇન્કાર



મહારાષ્ટ્રમાં સરકાર રચવાના મુદ્દે સર્જાયેલુ કોકડું હજુ ગુંચવાયેલુ રહ્યું છે. એનસીપી નેતા શરદ પવાર કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા. જેમાં કોકડું ઉકેલાશે તેવી આશા ઠગારી નીવડી હતી.સોનિયા ગાંધી સાથે મુલાકાત બાદ શરદ પવારે પત્રકારોને જણાવ્યુ હતું કે મહારાષ્ટ્રમાં સરકાર રચવાના મુદ્દે કોઇ વાતચીત થઇ નથી માત્ર સોનિયાને ફક્ત રાજ્યની હાલની સ્થિતિથી માહિતગાર કર્યા હતા.

મહારાષ્ટમાં સરકાર રચવાના મુદ્દે કોગ્રેસ અને અન્ય પક્ષો સાથે પણ વાતચીત કરાશે.પવારે કહ્યુ હતું કે સરકાર રચવા ઉપરાંત કોગ્રેસ અને સ્વાભિમાન પક્ષના રાજુ શેટ્ટી અને સપા તેમજ અન્ય પક્ષના ધારાસભ્યોને પણ વિશ્વાસમાં લેવાશે.તમામ પક્ષના લોકો સાથે અભિપ્રાય લઈને ભાવિ રણનીતિ નક્કી કરાશે. મોદીએ સંસદમાં એનસીપીની પ્રશંસા કરી તે પછી ભાજપ અને એનસીપી વચ્ચે રાજકીય સમીકરણો બદલાઇ રહ્યાની અટકળો શરુ થઇ હતી. પરંતુ રાઉતના મતે થોડાક દિવસોમાં આ પ્રશ્ન ઉકેલાઇ જશે.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવતીઓ(૫૨)

### ★ યુવતીઓ (૫૨) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૬૪ | એમ.એસ.સી બોયટેકનો.( કેનેડા) | ૨૦-૮-૯૦ | ૧ લાખ | આર.સી. | કુંવારી |
| ૬૫ | ડીપ્લો.ડીગ્રી બીઝનેસ ફીલ્ડ સોશ્યલ(અમેરીકા) | ૨૦-૯-૮૮ | ૨૦૦૦ ડોલર | આર.સી. | કુંવારી |
| ૬૬ | બેચલર ઓફ ફીઝીયો. ( કેનેડા) | ૯-૧૧-૯૨ | ૧૫૦૦ ડોલર | આર.સી. | કુંવારી |
| ૩૭ | બીઈ.કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા) | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૪૫ | એમએસસી,બાયોટેકનો.(લંડન) | ૬-૩-૮૫ | ૧,૫૦,૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૬૦ | બીઇ કોમ્પ્યુ.એન્જી. (જર્મની) | ૨૬-૯-૯૧ | ૨.૭૫ લાખ. | આર.સી. | કુંવારી |
| ૫૪૧ | એમ.એસ.સી(નર્સીંગ) | ૧૯-૬-૯૦ | - | આર.સી. | કુંવારી |
| ૫૪૨ | જીએનએમ. ૩ ૧/૨વર્ષ | ૭-૧૨-૮૯ | ૩૫,૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૪૩ | એમએ એમએડ.પીએચડી ચાલુ. | ૧-૧૦-૮૭ | ૧૫,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૪ | માસ્ટર ઓફ લેબર વેલ્ફેર(ગોવાનીસ) | ૩૦-૯-૯૧ | ૨૫,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૫ | એમ.કોમ.બીએડ.એમ.બી.એ. | ૨૭-૫-૮૧ | ૨૩,૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૬ | જનરલ નર્સીંગ.સીએચઓ. | ૩-૮-૮૭ | ૨૫,૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૭ | બીઇ આઇટી | ૧૯-૯-૯૨ | ૩૦,૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૮ | બીઇ.આઇ.ટી એન્જી. | ૯-૫-૯૨ | ૪૦,૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૯ | બેચલર ઓફ ટેક્નો. એમ.બી.એ. | ૯-૧૨-૯૨ | ૬૦,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૦ | બીએસસી નર્સીંગ | ૨૯-૧-૯૫ | - | આર.સી. | કુંવારી |
| ૫૫૧ | એમ.એસ.સી.(સી.એ. એન્ડ આઇ.ટી) | ૧૬-૧૦-૯૩ | ૨૫,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૭ | પી.ટી.સી. બી. એ. | ૮-૧૦-૯૪ | ૧૯,૯૫૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૬૦ | એમ.એ. એમ.એડ(ઇંગ્લીંસ) | ૧૫-૬-૮૫ | ૩૨,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૬૧ | પીટીસી. એમ.એ. બી.એડ. | ૧૮-૭-૯૨ | ૧૦,૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૬૨ | પીટીસી,, બીએ બીએડ | ૨૩-૭-૯૧ | - | સા.આર્મી | કુંવારી |
| ૫૬૩ | એમ.કોમ. પીજીડીસીએ | ૪-૪-૮૮ | ૨૮,૦૦૦ | મેથો. | કુંવારી |
| ૨૦૮ | બી.ફાર્મ(આયુરવેદીક) | ૧૧-૪-૮૮ | ૩૦,૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૩ | ફીજીયોથેરાપીસ્ટ ( ન્યુઝીલેન્ડ) | ૧૬-૯-૮૭ | - | આઇ.પી. | વિધવા |
| ૨૨ | બીબીએ(આર્યલેન્ડ) | ૨૨-૫-૮૫ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૪૫ | બીએસસી (કેમેસ્ટ્રી) | ૮---૬-૭૮ | ૨૦,૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૨૧ | બીકોમ.બીએડ | ૩-૫-૮૧ | - | આઇ.પી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)visit by appointment only

# તીસ હજારીની ઘટનાનો વિરોધ કરી રહેલા વકીલોએ જનતા, પત્રકારો અને મહિલાઓ સાથે ગેરવર્તણુક કરી

દિલ્હીની તીસ હજારી કોર્ટમાં વકીલો અને પોલીસ વચ્ચે થયેલી હિંસાના મામલે દેશની તમામ નીચલી અદાલતોમાં હડતાલ કરવામાં આવી હતી. આ દરમિયાન પણ વકીલોએ પોલીસ, જનતા,અને મીડીયા કર્મચારીઓ સાથે ગેરવર્તણુકની સાથે મારઝુડ કરી હતી. વકીલોએ મીડીયા કર્મચારીઓ સહિત બે મહિલાઓ સાથે પણ ગેરવર્તણુક કરી હોવાનો ખુલાસો થયો છે. દિલ્હી સાકેત કોર્ટ પાસે ફરજ બજાવી રહેલા પોલીસ કર્મચારી પર પણ વકીલોએ હાથ સાફ કર્યા હતા.ઢોર માર પડતાં પોલીસ કર્મચારી ભાગી છુટ્યો હતો.જવાબદાર પોલીસ અધિકારીઓ વિરુધ્ધ કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી તેથી વકીલોનો સમુદાય ભારે ગુસ્સામાં વિરોધ કરી રહ્યો છે.

# મોંઘવારીમાં ભડકો થતાં ફુગાવાનો દર ,વધીને ૪.૬૨% થયો

દેશમાં મોંઘવારીમાં ભડકો થતાં તાજેતરમાં શાકભાજીથી લઈને અનેક જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોચ્યા છે. જેનો પડઘો ફુગાવાના સત્તાવાર આંકડામાં પણ જોવા મળ્યો છે. ઓક્ટો. મહિનામાં રિટેલ બાવ આધારિત ફુગાવાનો દર વધીને ૪.૬૨ ટકા થઈ ગયો હતો જે છેલ્લા ૧૬ મહિનામાં ટોચ પર પહોચ્યો છે. તેને કારણે હવે રિઝર્વ બેન્ક માટે વ્યાજના દર ઘટાડવાનું હવે મુશ્કેલ બનશે. રિઝર્વ બેન્ક ચાલુ વર્ષે ફુગાવાના દરનો ૪ ટકા ટારગેટ મુક્યો છે.જેના કરતાં પણ ઓક્ટો.ફુગાવો વધી ગયો છે.

ઓક્ટો.૨૦૧૯માં ખાદ્યચીજોનો ફુગાવાનો દર ઉછળીને ૭.૮૯ ટકા થઈ ગયો હતો. સપ્ટે.તે ૫.૧૧ ટકા હતો શાકભાજીના ભાવ ૨૬.૧૦ ટકા વધી ગયા હતા.અત્યાર સુધી ફુગાવો અંકુશમાં હતો પરંતુ હવે તેને નાથવાના પ્રયત્નો સરકાર માટે આકરા બન્યા છે.

# ગુજરાત વિધાનસભાએ પસાર કરેલા વિધેયકને રાષ્ટ્રપતિની મંજુરી

## આતંકી પ્રવૃત્તિઓ,સોપારી આપનાર-લેનાર,ખંડણીખોરો, દાણચોરો, ડ્રગ માફીયા, અપહરણકારો, પ્રોટેકશન મની વસુલનારા, પોન્ઝી સ્કીમ કે મલ્ટી લેવલ માર્કેટીંગ સ્કીમ ચલાવનારાઓ સામે સખ્ત કાયદો

ગુજરાત કંટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓર્ગે.ક્રાઈમ એકટ (ગુજસીકોટોક,) ગુજરાતના આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ કાયદા વિધેયક ને આખરે રાષ્ટ્રપતિએ મંજુરી આપી દીધી છે.આ કાયદાના અમલથી સોપારી આપવી,ધાક ધમકીથી પૈસા પડાવવા, પ્રતિબંધિત માલની દાણચોરી કરવી, ગેરકાયદે કેફી દ્રવ્યોનો વેપાર કરવો,ખંડણી માટે અપહરણ કરવા, રક્ષણ માટે નાણાં વસુલવા, નાણાંકીય લાભો મેળવવા માટે લોકોને છેતરવાના આશયથી પોન્ઝી સ્કીમ(કપટયુક્ત યોજના) અથવા મલ્ટી લેવલ માર્કેટીંગ સ્કીમ ચલાવવા જેવા ગુના નિયંત્રિત થશે. આ કાયદા પ્રમાણે ગુનેગાર સાબિત થનારને ૩ થી ૧૦ વર્ષ કે મૃત્યુ કે આજીવન કેદ સુધીની સજા અને રુ. ૫ થી ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે.

ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે રાષ્ટ્રપતિએ ગુજરાતના આ વિધેયકને મંજુરી આપતા હવે રાજ્યમાં કોઈ પણ સ્વરુપે થતા સાયબર ગુના પર નિયંત્રણની સાથોસાથ સરહદ પારથી ત્રાસવાદી સંગઠનો દ્વારા નાર્કો ત્રાસવાદને જે ઉત્તેજન આપવામાં આવે છે તેનું પણ નિયંત્રણ થઈ શકશે.

ગુજસીટોકને મંજુરી મળતા પોલીસ અધિકારીઓને વધુ સત્તા મળસે તથા ગુના નિયંત્રણ માટે વિશ્વાસ દૃઢ બનશે.કાયદા વિવિધ કલમોમાં આતંકવાદી કૃત્યો અને સંગઠિત ગુના માટે સખ્ત શિક્ષાની જોગવાઈ છે. સંગઠિત ગુના આચરતી સિન્ડીકેટના સાગરીતોને બિન હિસાબી મિલ્કતોના કબજો ધરાવવા માટે શિક્ષાની જોગવાઈ કરાઈ છે.

આ કાયદા હેઠળ તાર, ઈલેટ્રોનિક અથવા મૌખિક સંદેશાને આંતરી શકાશે.તેને પુરાવા તરીકે માન્ય ગણાશે. પોલીસ સમરક્ષ આરોપીએ કરેલી કબુલાતનો માન્ય ગણાશે.વ્યક્તિએ જામીન કે જાત મુચરકા પર છોડીનહી શકાય.જો ગુનેગારોની જંગમ-સ્થાવર મિલકતોને ટાંચમાં કે કબજે લેવાનો હુકમ કરી શકાશે.ગુનેગારોની ચાર્જશીટ ૯૦ દિવસને બદલે ૧૮૦ દિવસ સુધી લંબાવી શકાશે.

રાજ્યની એકતા, અખંડિતતા અને સુરક્ષા સામે ખતરો ઉભો કરવો,બોમ્બથી-દારુગોળાથી, વિસ્ફોટોની-જવલનશીલ સામગ્રીથી, ઘાતક હથિયારોથી, ઝેર અથવા હાનિકારક વાયુથી, રસાયણોથી કોઇ જાહેર વ્યક્તિનું મોત નિપજાવવું, તેને ઈજા થાય તે રીતે કે કોઈ મિલ્કતને નુકશાન પહોંચે તે રીતે વર્તવું,પુરવઠો-સેવાઓ ખોરવાઈ જાય તેવુ કૃત્ય.

પોન્ઝી સ્કીમ(કપટયુકત યોજનાઓ),મલ્ટી લેવલ માર્કેટીંગ સ્કીમ,સંગઠિત ગુનાખોર સિન્ડીકેટ માટે આર્થિક લાભ,બીજા ફાયદા મેળવવાના આશયથી આચરાતા ગુના, સંગઠિત ગુનાખોર સિન્ડીકેટના સભ્ય તરીકે અથવા તેમના વતી કોઈ વ્યક્તિ કે એકલા કે અથવા સંયુક્ત રીતે હિંસા, ધાકધમકી, જબરજસ્તી, ગેરકાયદે સાધનોનો ઉપયોગ સાથે ગુનો, જમીન પચાવી પાડવી, સોપારી આપવી, સાયબર ક્રાઈમ , ખંડણી.

જો કે ખરેખર ગુનાને નાથવા માટે આ અસરકારક કાયદો છે પરંતુ તેનો સાચો ઉપયોગ થવો જોઈએ. કોગ્રેસે આ બીલનો વિરોધ કર્યા પછી સભાત્યાગ કર્યો હતો ત્યાર બાદ સત્તાધારી પક્ષે આ બીલ પસાર કર્યુ હતું.


**કાર ભાડે મળશે**




**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ભારતનો રીજીનલ કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશીપ ટ્રેડ ડીલમાં નહીં જોડાવવાનો નિર્ણય : ચીન પ્રેરિત ડીલમાં ભારતની સમસ્યાઓ નહીં ઉકેલાતાં ભારતે તેમાંથી બાકાત રહેવાનું પસંદ કર્યું



થાઈલેન્ડ ખાતે યોજાયેલી ત્રીજી આરસીઈપી સમીટમાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. અને આ ટ્રેડમાં નહીં જોડાવાનો નિર્ણય લીધો છે. જો કે આ ડીલ બાબતે દેશભરમાંથી ઉહાપોહ મચ્યો હતો અને આ ડીલ દેશના ડેરી ઉદ્યોગ અને નાના મધ્યમકક્ષાના એકમો માટે ભારે નુકશાનકારક બનશે તેવી આગાહીઓ કરવામાં આવી હતી. એકબાજુ દેશમાં ચારેકોર મંદીનો માહોલ વચ્ચે આ ડીલથી દેશમાં વધુ આર્થિક મંદીનું મોજુ ઘાતક બની શકે તેમ હોવાનુ માનીને દેશના હિતમાં આ નિર્ણય લેવાયો હોવાનું સુત્રો દ્વારા જણાવાયું હતું.પરિણામે ખેડુતો,ડેરીઉદ્યોગ, વેપારીઓ વિગેરેને આનાથી લાભ મળશે.દેશના વ્યાપક હિતમાં મોદીએ આ નિર્ણય લીધો છે તેવું જણાવાયું હતું. ભારતે આ કરાર કર્યો હોત તો ભારતમાં ચીની ચીજોના ઢગ ખડકાયા હોત તેવી ભીતી સેવાઈ રહી છે.

ભારતના નિર્ણયમાં વ્યવહારવાદનું મિશ્રણ જોવા મળ્યું છે.જેમાં એક તરફ ગરીબોના હિતો જાળવવાની અને બીજી તરફ દેશના સર્વીસ સેકટરને રક્ષવાનો તેમજ લાભ આપવાનો મુદ્દો મહત્વનો છે.ભારતે આરસીઈપી સમિટમાં ભારતીય સેવાઓ તેમજ રોકાણો માટે વૈશ્વિક બજારો ખુલ્લા મુકવા પર ભાર મુક્યો હતો.આમ કરવાથી ગરીબોના હિતો જળવાશે તેમજ સર્વીસ સેકટરને ફાયદો થશે. ભારતે કહ્યુ હતું કે આ કરારથી ચીનનું પ્રભુત્વ વધશે અને ભારતની વેપાર ખાધ વધશે.

આ સમિટમાં ભાગ લેવા જતાં પહેલા વડાપ્રધાને મોદીએ સ્પષ્ટ કર્યુ હતું કે ભારતના હિતો અને ભારતના ઉદ્યોગોની જરુરીયાત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં થાય. નાના ઉદ્યોગો અને ખેડુતોને નુકશાન થાય તેવું કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.

ભારતે પોતાના હિતોનું રક્ષણ થતું ન હોવાથી અને પોતે રજુ કરેલા મુદ્દા અંગે કરારમાં કોઈ સ્પષ્ટતા ન હોવાથી આરસીઈપીનો વિરોધ કરાયો છે. સુત્રોના મતે ટેરિફના જુદા જુદા દરને કારણે રુલ્સ ઓફ ઓરીજન સામે ખતરો સર્જાતો હતો જેનો ઉકેલ લાવવામાં આવ્યો નહતો.તેમજ વેપાર ખાધ અને સર્વીસીસ ખુલ્લી મુકવા માટે મુદ્દા ઉકેલાયા ન હતા. ટ્રેડ કરાર સામે ભારતે સવાલો ઉઠાવ્યા હતા. જેમાં ગુડ્સ પરની ૮૦ થી ૯૦ ટકા આયાત જકાત રદ કરવાની વાત કરાઈ હતી. સર્વીસીસ અને રોકાણના નિયમો હળવા કરવા માંગણી કરાઈ હતી. નીચી કસ્ટમ જકાતને કારણે ભારતમાં ચીજવસ્તુઓની આયાદમાં જંગી વધારો થવાનો ડર હતો. ખાસ કરીને ચીન સાથેની વેપાર ખાધ મોટી છે. ત્યારે ભારતે તેનો વિરોધ કર્યો હતો.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.